અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલટ લાઈસન્સ/ટ્રેઈનીંગ પાઈલટની તાલીમ માટે નાણાંકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસસીડબ્લ્યુ/૧૦૮૭/મુમ.૧૨૪૭/જ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૧-૧૦-૧૯૮૭

**વંચાણે લીધા :-**

(૧) નાણા વિભાગની તા.૨૧-૧૦-૮૭ ની યાદી ક્રમાંક : સીએનએફ-૧૧૮૭-૨-૫૭-ફ.

## ઠ રા વ :-

અનુસૂચિત જાતિના લોકો માટે શિક્ષણની સુવિધા જેમ જેમ વધતી જાય છે તેમ તેઓ સરકારી નોકરીઓ ઉપરાંત વ્યવસાયિક તાલીમમાં પણ જોડાતા હોય છે. આમ છતાં પણ કોમર્શીયલ પાઈલટ લાયસન્સ/ટ્રેઈનીંગ પાઈલટ જેવા ખર્ચાળ અભ્યાસક્રમો/તાલીમ માટે પછાતવર્ગના ઉમેદવારો ભાગ્યે જ આગળ આવે છે. આવી તાલીમ દેશ તથા વિદેશમાં આપવામાં આવતી હોય છે. સામાન્ય રીતે ભારતમાં આ પ્રકારની તાલીમ લેવા પાછળ ચાર વર્ષ જેટલો લાંબો સમય જાય છે. જ્યારે વિદેશમાં આ પ્રકારની તાલીમ લેવામાં ઘણો ઓછો સમય એટલે કે છ થી દસ માસ જેટલા સમયમાં આવી તાલીમ પ્રાપ્ત કરીને કોમર્શીયલ પાઈલય લાયસન્સ મેળવી શકાય છે. અનુસૂચિત જાતિના લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ આ પ્રકારની તાલીમ મેળવી શકવા માટે શકિતમાન હોતા નથી. આથી આવા ઉમેદવારોને જો સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે તો તેઓ કોમર્શીયલ પાઈલટ લાયસન્સ જેવા ઉચ્ચ પ્રકારના ટેકનીકલ તાલીમ અભ્યાસક્રમોમાં દાખલ થઈ આવા લાયસન્સ મેળવી શકે. રાજ્ય સરકારનો અભિગમ અનુસૂચિત જાતિ તેમજ પછાતવર્ગોનો ઉત્કર્ષ કરવાનો છે. આથી અનુસૂચિત જાતિના લાયક ઉમેદવારો માટે કોમર્શીયલ પાઈલટ લાયસન્સ માટે નીચે પ્રમાણેની યોજના અમલમાં મુકવાનું વિચાર્યુ છે.

૨. આ યોજના અંતર્ગત તાલીમાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ.૨.૦૦ લાખ સુધીની લોન, વાર્ષિક ૪ ટકા વ્યાજના દરે મંજૂર કરવામાં આવશે. લાભાર્થી લોનના હપ્તા ભરવામાં નિયમિત રહે તથા તાલીમ પછી ભારતમાં પાઈલટ તરીકે પાંચ વર્ષની સેવા પુરી કરે ત્યારબાદ મૂળ લોન ૫૦ ટકા રકમ સબસીડી તરીકે ફેરવવામાં આવશે.

ચાલુ સાલ ૧૯૮૭-૮૮ માં આ યોજના માટે અંદાજ પત્રમાં કોઈ જોગવાઈના હોઈ અને આ યોજનાનો વર્ષ ૧૯૮૭-૮૮ દરમિયાન અમલ કરવાનો હોઈ નાણાં વિભાગના તા.૨૧-૧૦-૮૭ના મેમોરેન્ડમ ક્રમાંક : સીએનએફ/૧૧૮૭/૨/૫૭/ક થી મંજૂર રૂ.૧.૮૫ લાખની આકસ્મિક નિધિમાંથી પેશગીની રકમ મંજૂર કરવામાં આવી છે. અને આ રકમ નિયામક સમાજ કલ્યાણ હસ્તક મુકવામાં આવે છે. અને આ રકમ ચૂકવવાની કાર્યવાહી નિયામકશ્રીએ નિયમાનુસાર કરવાની રહેશે. નિયામકશ્રીની કચેરીએ યોગ્ય સમયે તે માટે પૂરક માગણી રજૂ કરવાની રહેશે.

આ યોજનાનો અમલ નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કરશે.

**આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.**

(૧) કોમર્શીયલ પાઈલટ લાયસન્સ ટ્રેઈંગ પાઈલટની તાલીમ મેળવવા ઈચ્છતા ઉમેદવારે મેટ્રીક્યુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા તો ઈન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. ઉપરાંત ઉમેદવાર જે સંસ્થામાં તાલીમ મેળવવા ઈચ્છતા હોય તે સંસ્થાએ કોમર્શીયલ પાઈલટ લાયસન્સ તાલીમ વર્ગમાં દાખલ થવા માટે નક્કી કરેલી બધી જ શૈક્ષણિક તાંત્રિક તેમજ અન્ય જરૂરી લાયકાતો ધરાવતા હોવા જોઈએ.

(૨) આવી તાલીમ આપનાર દેશ/પરદેશની સંસ્થાએ તાલીમાર્થીના પ્રવેશ માટે જે શરતો નક્કી કરી હોય તે તથા આવી તાલીમ માટે જરૂરી તમામ પ્રમાણપત્રો જેવા કે મેડીકલ સર્ટીફીકેટ, ફીટનેશ સર્ટીફીકેટ મેળવેલ હોવા જોઈએ.

(૩) તાલીમાર્થી પરદેશની જે સંસ્થામાં તાલીમ મેળવે તે સંસ્થા તેમના દેશની સરકાર દ્વારા આવી તાલીમ આપવા માટે માન્ય થયેલી હોવી જોઈએ તથા આવી તાલીમબાદ મેળવવામાં આવતા કોમર્શીયલ પાઈલટ લાયસન્સ, તે દેશમાં સ્વીકૃત થયેલા હોવા જોઈએ ત્યાર પછી ભારતમાં તે લાયસન્સ સ્વીકૃતિ કરાવવા માટે તાલીમાર્થીએ જરૂરી કાયદેસરની કાર્યવાહી એક વર્ષની અંદર પુરી કરવાની રહેશે.

(૪) તાલીમાર્થીએ તેમની તાલીમ માટે થનાર ખર્ચના અંદાજો જે તે સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાના રહેશે.

(૫) તાલીમ આપનાર સંસ્થા તરફથી ઉમેદવારને પ્રવેશ આપ્યા અંગેનો સંમતિપત્ર મળ્યા બાદ જ આવી સહાય મંજૂર કરવામાં આવશે.

(૬) આ યોજના હેઠળ સહાય મેળવનાર લાભાર્થીએ તાલીમ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો તેઓ પરદેશમાં સ્થાયી થશે તો આવી સહાયની રકમ સંપૂર્ણપણે વ્યાજ સાથે ગુજરાત સરકારને પરત કરવાની રહેશે. આમા કોઈ છૂટછાટ મુકવામાં આવશે નહીં.

(૭) આવી તાલીમ લેવા ઈચ્છતા ઉમેદવારોના કોઈ સગા સંબંધી વિદેશમાં રહેતા હોય તાલીમાર્થીઓને તેઓ દ્વારા નાણાકીય જવાબદારી માટે પુરસ્કૃત (Sponser) કરેલા હોવા જોઈએ નહીં.

(૮) આ યોજના નીચે આપવામાં આવતી રકમ તાલીમ માટે ખરેખર જેટલી રકમની જરૂરત રહેશે તેટલી રકમ પૂરતી મર્યાદિત રહેશે. ભારતમાં તાલીમ માટે જો રકમમાં ટયુશન ફી (Tution fee) લાયસન્સ મેળવવા માટે જરૂરી ફલાઈંગ અવર્સ (flying hours) માટેની ફી તથા અન્ય આનુસાંગિક ખર્ચનો સમાવેશ થશે. આ બાબતમાં નિયામકશ્રી સમાજ કલ્યાણનો નિર્ણય આખરી ગણાશે.

(૯) પરદેશમાં તાલીમ લેવા ઈચ્છાવાળા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ સહાયની રકમ ચૂકવતી વખતે રીઝર્વ બેંક ઈન્ડીયા દ્વારા નિયત થયેલા વિનિમય દરે સહાયની રકમ ચૂકવવામાં આવશે અને તાલીમાર્થીઓના ભથ્થાઓમાં રીઝર્વ બેંકની મંજૂરી પણ મેળવવાની રહેશે. રીઝર્વ બેંક જેટલા પ્રમાણમાં તાલીમ ફી (Tution fee) નિર્વાહ ભથ્થા (વધુમાં વધુ ૭ મહીના માટે) અને શરૂઆતના સાધનો માટેના ભથ્થાઓ મંજૂર કરશે તેટલા પ્રમાણમાં જ લોનની રકમ મંજૂર થઈ શકશે.

(૧૦) અરજદારે તેમની સંપૂર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગરને આ સાથે રાખેલ બાંહેધરી પત્રક (Agreement) તથા જરૂરી જામીનખત સાથે મોકલી આપવાની રહેશે. નિયામકશ્રી અરજદારની અરજીની સંપૂર્ણ પણે ચકાસણી કરી મંજૂરી અર્થે સરકારને રજુ કરશે.

(૧૧) આ યોજનાનો લાભ ફકત અનુસૂચિત જાતિના ઉમેદવારોને જ આપવામાં આવશે.

(૧૨) લાભાર્થીને લોનની ચૂકવણી થયાની તારીખથી એક વર્ષ પછી લોનની વસૂલાત શરૂ કરવામાં આવશે. લાભાર્થીએ માસિક રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો હપ્તો ભરવાનો રહેશે. મૂળ રકમ ભરપાઈ થયા બાદ વ્યાજ પણ આજ પ્રમાણે ચૂકવવાનું રહેશે.

(૧૩) વિદેશમાં આવી તાલીમ લેવા જતા ઉમેદવારોએ આવી તાલીમ પૂરી કર્યા પછી ભારતમાં તુર્તજ પાછા ફરવાનું રહેશે અને પાંચ વર્ષ સુધી ભારતમાં પાઈલટ તરીકે સેવા આપવાની રહેશે અને લોનના નિયમાનુસાર હપ્તાઓ ભરવાની રહેશે. જો તાલીમાર્થી આ શરતો પૂરી કરશે તો તેઓએ લોનનો અમુક ભાગ સહાય તરીકે ગણવા સરકારને અરજી કરવાની રહેશે. જે મળ્યા બાદ મૂળ લોનની રકમના ૫૦ ટકા રકમ સહાય તરીકે મંજૂર કરવામાં આવશે.

(૧૪) ભારતમાં આવી તાલીમ લેનાર તાલીમાર્થી પણ શરત ક્રમાંક-૧૩ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઈને આધીન આવી સહાય મેળવવા પાત્ર થશે.

(૧૫) તાલીમાર્થીએ ખરેખર લોનના નાણાં ચૂકવ્યાની તારીખથી એક મહિનાની અંદર તાલીમ શરૂ કરવાની રહેશે. વળી તાલીમાર્થીએ પોતાની તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજુ કરવાનો રહેશે.

(૧૬) અરજદારને મંજૂર કરવામાં આવેલ લોન નિયમિત ભરપાઈ કરવામાં કસૂર થશે તો ચડતર હપ્તાઓ સામે ૨.૧/૨ ટકા લેખે દંડનીય વ્યાજ લેવામાં આવશે. દંડનીય વ્યાજ સહિત હપ્તાઓ ભરવામાં કસૂર થશે તો ચડતર તેમજ બાકીની વસૂલાત કરવાની તમામ રકમ તથા અન્ય ખર્ચ એકી સાથે મહેસૂલી રાહે વસૂલ કરવામાં આવશે.

(૧૭) લેણી બાકી રકમ નિયત સમય કરતાં વહેલી ભરપાઈ કરવા માટે અરજદારને છૂટ રહેશે.

(૧૮) આ લોનનો ઉપયોગ અરજદાર જો બીજા કોઈ હેતુ માટે કરશે તો લોનની અપાયેલ રકમ ચૂકવ્યાની તારીખથી (એક સાથે) દંડનીય વ્યાજ સાથે પરત વસૂલ લેવામાં આવશે.

(૧૯) લાભાર્થીએ બે યોગ્ય જામીન રજુ કરવાના રહેશે (નમુનો સામેલ છે.)

(૨૦) આ યોજના હેઠળ લોનની રકમની ચૂકવણી કરતાં પહેલાં નિયામકશ્રી, સમાજ કલ્યાણ અરજદાર પાસેથી ઉપર મુજબની શરતોના પરિપાલન માટે સ્વીકૃત (Agreement) લેવાની રહેશે. અને કરજદાર તરફથી તેનું યોગ્ય પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી સમાજ કલ્યાણની રહેશે. (નમૂનો સામેલ છે.)

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક ૯૪,૬૨૨૫ અનસૂચિત જાતિઓ અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ માટે લોન-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ ૧૯૩ સ્વૈચ્છિક સંસ્થાઓને લોન બીસીકે-૮(અ) અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલટ લાયસન્સ/ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે નાણાંકીય સહાય હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગના તા.૨૦-૧૦-૮૭ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

(ની. ના. મહેતા)

સંયુક્ત સચિવ,

સમાજ કલ્યાણ વિભાગ.